**1Special Atro Case No 15/2020**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ- 15/2020**
**આંક -39**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ- 15/2020 | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 10 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ગૌરીબેન ઈશ્વરભાઈ સતવારીયા(અનુસુચિતજાતી) | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | - |
| ઉંમર આશરે | ૫૮ | વરસની | ધંધો | ઘરકામ |
| રહેવાનુ | જાબડીયા, તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) હાલમાં હુ નિવૃત છું. મારે પાંચ સંતાનો છે. જેમાં મોટી પ્રવિણાબેન તેનાથી નાનો સુરેશચંદ્ર તેનાથી નાનો કેતન તેનાથી નાનો નરેશ અને સૌથી નાનો મહેશ છે. મારા બધા સંતાનોના લગ્ન થઈ ગયેલ છે.

(૨) બનાવ પાંચેક વર્ષ પહેલા બનેલો. હું બીમાર હતી એટલે બનાવ સબંધે મને ખબર નથી. બનાવ સબંધે મને મારા દિકરા તથા પતિએ વાત કરેલ નથી. મારા દિકરાને કોઈએ જાતી અપમાનીત શબ્દ બોલેલ નથી. મારા દિકરાને કોઈએ માર મારેલ હોય તેવુ મારા દિકરાએ જણાવેલ નથી કે પાછળથી જાણવા મળેલ નથી. આરોપીઓ મારા ગામના હોવાથી તેઓને ઓળખુ છું. પોલીસે મારૂ નિવેદન લીધેલું.

<u>હોસ્ટાઈલ</u>

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

સાહેદની સહી............................

એ વાત ખરી નથી કે તા.૧૭/૩/૨૦ના રોજ રાતના હુ તથા મારો દિકરો નરેશ તથા મહેશ તથા મારા દિકરા સુરેશની વહુ ભગવતીબેન અમારા ઘરે હાજર હતા તે સમયે મારા પતિ તથા મારો મોટો દિકરો સુરેશચંદ્ર મોડાથી ઘરે આવતા મે મારા દિકરાને પુછેલ તો તેણે જણાવેલ કે સાંજના પાંચેક વાગે કાંતીભાઈના ઘર આગળ ઉભો હતો તે વખતે આપણા ગામનો રાવળ સાગર સોમાભાઈની રીક્ષા ઝડપથી ચલાવી નીકળતા મે તેને રોકી કહેલ કે ભાઈ રીક્ષા ધીમે ચલાવ મારા દિકરાને વાગ્યુ હોત તો આમ કહેતા તે ઉશ્કેરાઈ જઈ મને કહેવા લાગેલ કે આપણા ગામના ઠાકોર જેવી કોમ મારાથી ડરે છે અને તમે તો સાલા ઢેઢડાઓ છો શુ કરી લેશો તેમ કહીને પોતાની રીક્ષા લઈને જતો રહેલો. થોડીવારમાં તરત જ પાછો આવી રસ્તા પરથી જતો હતો તે વખતે મે તથા કાંતીભાઈ તથા નરેશભાઈ નાગરભાઈ તથા નાથાભાઈ ભગાભાઈ પરમાર વિગેરેનાઓએ તેને ઉભો રાખી ફરીથી ઠપકો આપેલ ભાઈ તુ રીક્ષા લઈને વ્યવસ્થિત ચાલ તેમ કહેતા તે ઉશ્કેરાઈ જઈ શાલા ઢેઢડાઓ તમારુ મારી આગળ કંઈ નહી ચાલે, તુ મારા ઘર આગળથી નીકળીશ અને તારી પત્નીને  જોવુ છુ કેવી રીતે નોકરી કરે છે તેમ કહીને અમોને માબેન સામી ભુંડી ગાળો બોલીને જતો રહેલો અને બનાવ બાબતે તેના ઘરે કહેવા જતા સાગર તેની રીક્ષા લઈને ઉભો હતો તેણે રીક્ષામાંથી લોખંડનું ધારીયુ કાઢી મને ગળાના ભાગે મારવા જતા મે મારો જમણો હાથ આડો કરતા ધારીયુ મને જમણી હથેળીના ભાગે વાગેલ અને કાંતીભાઈએ મને વચ્ચે પડી છોડાવવા જતા સાગરે કાંતીભાઈને ધારીયુ જમણા હાથની કલાઈ ઉપર ઉંધુ મારેલુ અને તે વખતે સાગરનુ ઉપરાણુ લઈ સંજયભાઈ સોમાભાઈ રાવળ આવી જતા તેણે પણ મને શરીરે ગડદાપાટુનો માર મારેલ તેમાંથી નજીકમાંથી નાથાભાઈ  તથા નરેશભાઈ આવી જતા તેમને કાઢી મુકતા બંન્ને જણાઓ

સાહેદની સહી............................

જતા રહેલ અને જતા જતા કહેતા હતા કે આજે તો બચી ગયા છો પરંતુ સમય આવ્યે જાનથી મારી નાંખીશુ તેમ કહીને જતા રહેલ. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંધ પર હું ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી બી.એલ.પ્રજાપતિ..</u>**

(૨) એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ ઠામ અને ઉંમર પુછેલી તે સિવાય કશુ પુછેલુ નહી.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૩/૨૦૨૬ | (કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી..............................